# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ * અંક-૫ * જાન્યુઆરી, ૨૦૧૨



અહો! ચારે બાજુથી સત્યના ભણકારા વાગે છે. સર્વજ્ઞના શાસ્ત્રો, સર્વજ્ઞના સંતો, એણે સર્વજ્ઞનું સત્ય પ્રસિદ્ધ કર્યું છે. આહાહા! ચારે અનુયોગમાં નિશ્ચયથી તો વીતરાગતાની જ પુષ્ટિ કરી છે. ચારે અનુયોગનું તાત્પર્ય પણ વીતરાગતા જ છે. સત્યને ચારે બાજુથી ઉપાડો, સત્ય જ સિદ્ધ થાય છે. સર્વજ્ઞથી ઉપાડો, ક્રમબદ્ધના સિદ્ધાંતથી ઉપાડો, બધી બાજુથી સત્ય જ સિદ્ધ થાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જો કોઈ કઠિન ભારી આપત્તિકો પા કરકે અપને ભાવોંમેં વિકાર નહીં આને દેતે વે માનવ ઈસ લોકમેં ધન્ય હૈં. ક્યોંકિ ઉનકા મન સાધુ વૃત્તિમેં આ ગયા હૈ. ૧૨૪૯. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૬૬)*

❀ જે સ્વજન સમ્યક્ત્વ જ્ઞાની ધર્માત્મા હૈં તે તો ઐસા વિચારે હૈં જો ઈનકા બડા ભાગ્ય જો સર્વ કલ્યાણકારિણી યોં જિનેશ્વરી દીક્ષા હમ સારિખે કાયરજનકૂં અલભ્ય અર તિનકી નાના ભાંતિ સ્તુતિ કરે હૈં, અર આપકૂં ધિક્કાર માનૈં હૈ, હમારા ઐસા ભાગ્ય કબ હોયગા જો હમ ભી ઈસ દશાકો પ્રાપ્ત હોંયગે. અર હમારા ભી બડા ભાગ્ય હૈ જો હમારે કુલ વિષૈ મુનિપદકે ધારક પુરુષ ભયે.....(કોઈ સમ્યગ્દૃષ્ટિ દીક્ષિત થાય છે ત્યારે તેના સ્વજન સમકિતી ઉપરોક્ત વિચાર કરે છે.) ૧૨૫૦.
*(શ્રી દીપચંદજી, ભાવદીપિકા, પાનુ-૧૬૮)*

❀ હે મૂઢ પ્રાણી ! યહ પ્રત્યક્ષ અનુભવ હોતા હૈ કિ ઈસ સંસારમેં જો વસ્તુઓંકા સમૂહ સો પર્યાયોંસે ક્ષણ ક્ષણમેં નાશ હોનેવાલા હૈ. ઈસ બાતકો તૂ જાનકર ભી અજાન હો રહા હૈ, યહ તેરા ક્યા આગ્રહ હૈ ? ક્યા તુજ પર કોઈ પિશાચ ચડ ગયા હૈ, જિસકી ઔષધિ હી નહીં હૈ ? ૧૨૫૧.
*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૨, શ્લોક-૧૪)*

❀ એક મનુષ્યની પાસે ઉત્તમ પાત્રને આપેલ દાનથી ઉત્પન્ન પુણ્યનો સમૂહ છે અને બીજા મનુષ્ય પાસે રાજ્યલક્ષ્મી વિદ્યમાન છે. છતાં પણ પ્રથમ મનુષ્યની અપેક્ષાએ દ્વિતીય મનુષ્ય દરિદ્ર જ છે કારણ કે તેની પાસે આગામી કાળમાં ફળ આપનાર કાંઈ પણ બાકી નથી. ૧૨૫૨.
*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૨૦)*

❀ લાલચોળ આંખોવાળા મદોન્મત્ત અને કોયલના કંઠ જેવો કાળો અને ક્રોધે કરીને છંછેડાયેલો એવો સર્પ ઊંચી ફેણ કરીને સામો ધસી આવતો હોય તેને પણ જે માણસની પાસે આપના નામરૂપી નાગદમની ઔષધિ હોય તો તે માણસ નિ:શંકપણે તેને ઓળંગી જાય છે. એવો સાપ પણ આપના ભક્તને કરડી શકતો નથી. ૧૨૫૩. *(શ્રી માનતુંગ આચાર્ય, ભક્તામર સ્તોત્ર, શ્લોક-૪૧)*

*

વર્ષ-૬
અંક-૫




સંવત
૨૦૬૮
January
A.D. 2012

# સ્વભાવ-દષ્ટિનો અપાર મહિમા

(શ્રી સમયસાર નાટક શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૩)

આ શ્રી સમયસાર નાટક છે. સર્વવિશુદ્ધદ્વારનું ૧૦૮મુ પદ્ય ૨૯૫ પાના ઉપર છે.

શુદ્ધાત્મદ્રવ્ય અર્થાત્ પરમાત્માનું સ્વરૂપ

जैसो निरभेदरूप निहचै अतीत हतौ,
तैसौ निरभेद अब भेद कौन कहैगो।
दीसै कर्म रहित सहित सुख समाधान,
पायौ निजस्थान फिर बाहिर न बहैगौ।।
कबहूं कदाचि अपनौ सुभाव त्यागि करि,
राग-रस राचिकै न परवस्तु गहैगौ।
अमलान ग्यान विद्यमान परगट भयौ,
याही भांति आगम अनंतकाल रहैगौ।।१०८।।

અર્થ :–પૂર્વ અર્થાત્ સંસારીદશામાં નિશ્ચયનયથી આત્મા જેવો અભેદરૂપ હતો, તેવો પ્રગટ થઈ ગયો. તે પરમાત્માને હવે ભેદરૂપ કોણ કહેશે? અર્થાત્ કોઈ નહીં. જે કર્મરહિત અને સુખશાંતિ સહિત દેખાય છે તથા જેણે નિજસ્થાન અર્થાત્ મોક્ષની પ્રાપ્તિ કરી છે તે બહાર–જન્મ-મરણરૂપ સંસારમાં નહીં આવે. તે કદી પણ પોતાનો નિજસ્વભાવ છોડીને રાગ-દ્વેષમાં લાગીને પરપદાર્થ અર્થાત્ શરીર આદિનું ગ્રહણ નહિ

કરે, કારણ કે વર્તમાનકાળમાં જે નિર્મળ પૂર્ણજ્ઞાન પ્રગટ થયું છે તે તો આગામી અનંતકાળ સુધી એવું જ રહેશે.

ભગવાન આત્મા વસ્તુસ્વરૂપે અનાદિ અનંત નિર્ભેદ-અભેદ છે. તે કોઈ નિમિત્તમાં આવતો નથી, રાગમાં આવતો નથી, ધ્રુવ સ્વભાવ કદી પર્યાયમાં આવતો નથી. દ્રવ્ય તરીકે વસ્તુ અનાદિથી અભેદ જ છે. હવે તેની દૃષ્ટિ કરી તેમાં લીન થઈને જેને પર્યાયમાં પણ નિર્ભેદ દશા પ્રગટ થઈ તે પરમાત્મા હવે ભેદરૂપ નહિ થાય.

એક સમયમાં છ દ્રવ્યને જાણે એવી આત્માની એક પર્યાયમાં તાકાત છે. એવી એવી અનંતી તાકાતવાળું આખું તત્ત્વ છે. તેનો આશ્રય લઈને જેણે પર્યાયમાં એવી તાકાત પ્રગટ કરી, અનંત આનંદ પ્રગટ થઈ ગયો, હવે તેમાં ભેદ નહિ પડે. આનું નામ કેવળજ્ઞાન અને એ જ મુક્તિ. અનાદિથી આત્મા કર્મરહિત જ હતો પણ વિકારી પર્યાય સાથે કર્મનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો તે પણ હવે છૂટી ગયો અને અનંત આનંદનું ધામ હતો તે અનંત આનંદ પર્યાયમાં પ્રગટ થઈ ગયો. સુખશાંતિ અને સમાધાનરૂપ પરિણમન થઈ ગયું. વીતરાગ અને આનંદ જે શક્તિરૂપ હતા તે અંતર એકાગ્રતા વડે પર્યાયમાં પ્રગટ થઈ ગયા તેનું નામ મુક્તિ, તેનું નામ અનંત અનંત સુખનું જીવન-સુખી જીવન.

સંસારમાં તો રાગ-દ્વેષની આકુળતામય જીવન છે એ તો દુઃખમય જીવન છે. ભગવાન આત્મા અનાકુળ આનંદમય જીવતો જીવ છે તેનો આશ્રય લઈ—અવલંબન લઈ, એકાગ્ર થઈ, નિર્મળ ને પૂર્ણ આનંદ અને શાંતિ પ્રગટ કરી તેને હવે સુખશાંતિમય જીવન છે, અશાંતિ અને દુઃખ હવે તેને રહ્યા નથી. **पायौ निजस्थान फिर बाहरि न बहैगो।** પોતાના અસંખ્યપ્રદેશી સ્થાનમાં નિર્મળતા પ્રગટ થઈ ગઈ તેથી હવે તે બહાર વિકલ્પમાં આવશે નહિ અને નવા નવા શરીરો ધારણ કરવા નહિ પડે.

**कबहूं कदाचि**.....પોતાના સ્વભાવને છોડીને હવે તે રાગના રસમાં રાચશે નહિ કે પરવસ્તુનું ગ્રહણ કરશે નહિ. આવું જીવન તે જ 'મુક્તિ' છે, તેમાં જ આનંદ છે.

**अमलान ग्यान विद्यमान परगट भयौ।** પર્યાયમાં ગ્યાનસ્વરૂપ ભગવાન આત્મા જેવો પ્રગટ થયો તેવો જ અનંતકાળ પ્રગટ રહેશે, નવો અવતાર ધારણ કરવો નહિ પડે.

ત્યારે માણસને પ્રશ્ન થાય છે કે ભગવાન સર્વજ્ઞદેવ જો ભવિષ્યજ્ઞ હોય તો પુરુષાર્થ કરવાનું કાંઈ રહેતું નથી! પણ તેના દ્રઢ શ્રદ્ધાની છે કેટલા?

મૂળ બધાંને ક્રમબદ્ધમાં વાંધા છે. પણ સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય સ્વદ્રવ્યની સન્મુખતા વિના થતો જ નથી. સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે એવી જે જ્ઞાનની પર્યાયની શ્રદ્ધા બેસે છે તેને અંતર્મુખ થઈને અકર્તાપણું જાગે ત્યારે જ એ બેસે છે. અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તે પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે એમ કહ્યું છે ને! જે કાળે જે દ્રવ્યનું જેમ પરિણમન થવાયોગ્ય છે તેને ઈન્દ્ર, નરેન્દ્ર કે જિનેન્દ્રદેવ-કેવળી પણ બદલી શકે નહિ, તેમ હું પણ ત્રણ કાળ ત્રણ લોકને જાણવાના સ્વભાવવાળો જ છું. રાગાદિનો કે કોઈનો કરનાર હું નહિ એવી શ્રદ્ધા થવામાં જ પુરુષાર્થ છે.

જડ અને ચૈતન્ય બધા દ્રવ્યની જે પર્યાય જે કાળે જેમ થવાની તેમ જ થાય, આગળ-પાછળ ન થાય. આ વાત બેસે કોને? અને કોને બેઠી કહેવાય? ભાઈ! ક્રમબદ્ધમાં તો આત્માનો 'જ્ઞ' સ્વભાવ સાબિત થાય છે. કોઈનું કરવું કે પોતાની પર્યાયનું કરવું એ 'જ્ઞ' સ્વભાવમાં નથી.

આવો આત્મસ્વભાવ જેને પૂર્ણ પ્રગટ પરિણમી ગયો છે તે ભગવાન ભવિષ્યની બધી પર્યાયને જાણે છે. તેમ આ જીવમાં બધા દ્રવ્યની બધી પર્યાયને એક સમયમાં જાણવાનું સામર્થ્ય છે પણ આવા સામર્થ્યનો ભરોંસો ક્યારે આવે? કે જ્યારે જીવને પર્યાયદ્રષ્ટિ છૂટી, નિમિત્તદ્રષ્ટિ છૂટી, રાગદ્રષ્ટિ છૂટી, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની દ્રષ્ટિ થાય ત્યારે એ ક્રમબદ્ધ થતી પર્યાયનો કર્તા ન થતાં જાણનાર રહે. જેમ સર્વજ્ઞ જ્ઞાતા-દ્રષ્ટા થઈને રહે છે તેમ આ પણ જ્ઞાતા-દ્રષ્ટા થઈને રહે ત્યારે તેને ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થયો કહેવાય છે.

કોઈ વખતે થવાયોગ્ય થાય અને કોઈ વખતે તેમાં ફેરફાર પણ થાય એમ ન હોય ભાઈ! ભગવાનના જ્ઞાનમાં જે જણાયું છે તેમાં ફેરફાર ન થઈ શકે. વીતરાગ મારગ કોઈ અલૌકિક છે બાપુ! થવાનું હોય તે જ થાય. મારો સ્વભાવ જ્ઞાનસ્વભાવ છે માટે, સર્વજ્ઞ પૂરી શક્તિથી જાણનાર છે તેમ હું મારી શક્તિ પ્રમાણે જે થાય તેને જાણનાર-દેખનાર છું, કરનાર નથી—એવી પ્રતીતિ આવી છે તેને સર્વજ્ઞ ભગવાન ભવિષ્યજ્ઞ છે એવી પ્રતીતિ બરાબર આવે છે.

ભાઈ! તું તો સર્વજ્ઞસ્વરૂપી છો. જે સર્વજ્ઞ થયા તે પણ સર્વજ્ઞસ્વભાવી હતા તેથી થયા છે. સ્વભાવ કાંઈ બહારથી આવતો નથી. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જેમ છે તેમ જાણવાનો મારો સ્વભાવ છે એવી દૃષ્ટિ ક્યારે થાય? કે જેની દૃષ્ટિ નિમિત્તથી ઊઠી જાય, રાગથી ઊઠી જાય અને એક સમયની પર્યાયથી ઊઠી જાય. વીતરાગમાર્ગમાં બતાવેલ વસ્તુનું સ્વરૂપ જ આવું છે. સર્વજ્ઞની પ્રગટ થયેલી પર્યાયનો નિર્ણય પોતાના દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થાય ત્યારે જ આવે છે. 'આ જાણનાર જ હું છું' એવો અનુભવ થાય અને જ્ઞાતા-દૃષ્ટા થાય તેને સમકિત થાય. બાકી, એ વિના કોઈ ક્યાંક અટકે છે તો કોઈ બીજે અટકીને ચારગતિમાં ભટક્યા કરે છે.

આ જ વાત અહીં કહે છે કે अमलान ग्यान विद्यमान परगट भयौ याही भांति आगम अनंतकाल रहैगौ। જે કેવળી થયા તેને બીજા અનંત કેવળી ત્રણ કાળ ત્રણ લોકને જાણી રહ્યા છે તે પણ પોતાની શ્રદ્ધામાં આવી ગયું છે. આવા સર્વજ્ઞ કેવળીની જેને શ્રદ્ધા થાય તેને સમ્યગ્દર્શન થાય, તે રાગનો કર્તા મટી જાય અને આમ હું પરિણમું એવી બુદ્ધિ પણ મટી જાય. આવો મારગ છે...પણ આવો મારગ કોઈ જાણતાં ન હતા અને આવ્યો એટલે વિરોધ થયો કે આ તો નિયત થઈ ગયું! પણ સાંભળને ભાઈ! આમાં એકલું નિયત નથી સાથે સ્વભાવ અને પુરુષાર્થની જાગૃતિ છે.

બહારની રિદ્ધિ-સિદ્ધિ હોય, બોલવાની શક્તિ હોય, બીજા ઉપર પ્રભાવ પડે એવી જાતનું પુણ્ય હોય તેથી તે કાંઈ જ્ઞાન નથી. ૧૧૧ પદ્યમાં આ વાત આવશે. જ્ઞાનને તો આત્મા સાથે જ સંબંધ છે એમ ભાન થયું એટલે બસ!

સર્વજ્ઞદેવોએ આ કહ્યું છે, ગુરુઓએ આ વસ્તુને સાધી છે અને આગમમાં તેના કહેણ આવ્યાં છે. બાકી કોઈ ફેરફારવાળા વચન હોય તે આગમના વચન નથી. ભાઈ! તારે દૃષ્ટિ ફેરવવાની છે. સર્વજ્ઞને માનવા અને ક્રમબદ્ધ થાય તેને જાણવું. આમ જાણતાં તારી દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય એટલે ખલાસ! પછી તે રાગનો કે ચાલતી પર્યાયના પરિણમનનો પણ એ કર્તા રહેતો નથી. સમજાણું કાંઈ! આનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

હવે ૪૩મો કળશ અને ૧૦૯મા પદ્યમાં આ જ વાત વિશેષ કહે છે.

जबहीतैं चेतन विभावसौं उलटि आपु,
समै पाइ अपनौ सुभाउ गहि लीनौ है।

तबहीतैं जो जो लेने जोग सो सो सब लीनौ,
जो जो त्याग जोग सो सो सब छांडि दीनौ है।।
लैबेकौं न रही ठौर त्यागविकौं नांहि और,
बाकी कहा उबरयौ जु कारजु नवीनौ है।
संग त्यागि अंग त्यागि वचन तरंग त्यागि,
मन त्यागि बुद्धि त्यागि आपा सुद्ध कीनौ है।।१०९।।

અર્થ :—અવસર મળતાં જ્યારથી આત્માએ વિભાવપરિણતિ છોડીને નિજસ્વભાવનું ગ્રહણ કર્યું છે, ત્યારથી જે જે વાતો ઉપાદેય અર્થાત્ ગ્રહણ કરવાયોગ્ય હતી તે તે બધીનું ગ્રહણ કર્યું છે અને જે જે વાતો હેય અર્થાત્ ત્યાગવાયોગ્ય હતી તે તે બધી છોડી દીધી છે. હવે ગ્રહણ કરવાયોગ્ય અને છોડવાયોગ્ય કાંઈ રહ્યું નથી અને નવું કામ કરવાનું બાકી હોય એવું પણ બાકી રહ્યું નથી. પરિગ્રહ છોડી દીધો, શરીર છોડી દીધું, વચનની ક્રિયાથી રહિત થયો, મનના વિકલ્પો છોડી દીધા, ઈન્દ્રિયજનિત જ્ઞાન છોડ્યું અને આત્માને શુદ્ધ કર્યો.

जबहीतैं चेतन....પોતાની પર્યાયમાં જ્યારે પરિણમનનો સ્વકાળ છે ત્યારે ચેતન વિભાવથી ગુંલાટ ખાઈને પર્યાયબુદ્ધિ છોડી દ્રવ્યદૃષ્ટિ કરે છે. અરે! હું તો સર્વજ્ઞસ્વભાવી પૂર્ણ આનંદસ્વરૂપ છું એમ જ્યાં ઉપાદેયપણે ગ્રહણ કરે છે ત્યાં વિભાવથી ગુંલાટ ખાઈને સ્વભાવમાં આવી જાય છે. ત્યાં નિમિત્ત તો દૂર રહ્યા પણ વિભાવ પણ ન રહ્યો. તેનાથી ઉલટી દશા થઈ ગઈ. પોતાના જ્ઞાનાનંદસ્વભાવને પકડી લીધો, દ્રવ્યદૃષ્ટિ થઈ ગઈ, ત્યારથી લેવાયોગ્ય બધું લેવાઈ ગયું, આખો આત્મા દૃષ્ટિમાં લેવાઈ ગયો. સર્વજ્ઞે દીઠા પ્રમાણે જ–તે અવસરે જ આ કાર્ય થયું છે. પહેલાં નિર્ણય ન હતો પણ જ્યાં વિભાવથી ગુંલાટ મારી ત્યાં તો સ્વભાવ ગ્રહણ થઈ ગયો. દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં આખા દ્રવ્યને ગ્રહણ કરી લીધું અને રાગને છોડી દીધો એનું નામ જ ત્યાગ.

પણ....એને પોતે ક્યાં ઉલટું કર્યું છે ને કેમ સુલટું થાય એની ખબર નથી તેથી સંસારમાં વહ્યો જાય છે. ક્યાંય શાંતિ નથી ભાઈ! શાંતિનો સાગર તો પ્રભુ! તું જ છો. તેને વિકલ્પથી છૂટો પાડીને, પરમાત્માના ભેટા કર તો વિકલ્પમાંથી એકત્વ તૂટી જશે. આ તો ધર્મના કામ છે બાપુ! જેના ફળમાં અનંત અપૂર્વ આનંદ પ્રગટે એ ધર્મ

કેવો હોય!! પરલક્ષી દયા-દાન, વ્રત, ભક્તિ ને પૂજા એ તો બધા રાગ છે, તે કાંઈ જ્ઞાનનું સ્વરૂપ નથી. તેમાં જ્ઞાનની ગંધ પણ નથી. આ તો શાંતિનો મારગ છે. ધીરાનો મારગ છે.

છઢાળામાં આવ્યું ને! લાખ વાતની ને અનંતવાતની આ એક વાત છે કે 'હું જ્ઞાયકમૂર્તિ છું' એમ દ્રષ્ટિમાં લે! એવો નિશ્ચય કર! ત્યાં વ્યવહારનું લક્ષ અને આદર છૂટી જશે અને ત્રિકાળી જ્ઞાયકભાવનો આદર થશે તેથી તને આનંદ અને શાંતિ થશે. આ મારગ છે.

આ પૈસાવાળાઓને ધંધામાં જ નજર કામ કર્યા કરે. જ્યાં આત્માનું ધન છે ત્યાં નજર જતી નથી અને જ્યાં નથી ત્યાં નજર કામ કર્યા કરે છે. એ નજર જ આંધળી છે. ભગવાન આત્મા તો અનંત અનંત જ્ઞાન-આનંદની શક્તિનો સમુદાય છે. એક એક શક્તિમાં અનંતતા છે. જ્ઞાન, દર્શન, આનંદ, પ્રભુત્વ, સ્વચ્છત્વ એ બધા સ્વભાવ છે તે શક્તિ છે. સ્વભાવ સદા અનંત જ હોય, અપરિમિત હોય, મર્યાદાવાળો ન હોઈ શકે. જેણે રાગની રુચિ છોડીને, વિભાવથી ગુંલાટ ખાતાં, દ્રવ્યને પકડ્યું તેણે લેવાયોગ્ય બધું લઈ લીધું. જેનાથી કેવળજ્ઞાનની ધારા પ્રગટશે એવા આત્માને તેણે દ્રષ્ટિમાં પકડી લીધો અને છોડવાયોગ્ય બધું છોડી દીધું. પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટી ગઈ.

આખો ચૈતન્યપ્રભુ સમાધિ અને શાંતિથી ભરેલો છે. તેને જ્યાં જ્ઞેય કરીને દ્રષ્ટિમાં પકડ્યો ત્યાં લેવાયોગ્ય બધું લઈ લીધું અને છોડવાયોગ્ય બધું છૂટી ગયું. બાપુ! તને તારા ઘરની ખબર નથી. બધાને જાણવું એ તારા ઘરમાં છે. કોઈનું કરવું એવું તારા ઘરમાં નથી. રાગને કરવું અને પરનું કરવું એ તારું કામ નથી. પરનું તારા ઘરમાં નથી. રાગને કરવું અને પરનું કરવું એ તારું કામ નથી. પરનું કરવું તો જીવને ન જ હોય કેમ કે પ્રત્યેક પદાર્થ પોતાના સ્વકાળના પરિણમનમાં પરિણમે છે પણ રાગનું કરવું પણ જીવને નથી કેમ કે જીવ તો ચૈતન્ય-જ્યોત છે. રાગરૂપે થવું એ જીવનો સ્વભાવ નથી. હું રાગરૂપે થાઉં છું એ તો મિથ્યાત્વની માન્યતા છે. ભગવાનની ભક્તિનો રાગ મારો છે એ માન્યતા પણ મિથ્યાત્વ છે.

ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઊઠે છે તે પણ રાગ છે, તેનાથી લાભ માનવો તે મિથ્યાત્વ છે. રાગથી લાભ માનનાર જીવ પોતાના સ્વભાવનો અનાદર કરે છે.

અરે! જેણે આખો ભગવાન આત્મા પ્રતીતમાં લીધો એને શું બાકી રહ્યું? लेबैकौं

न रही ठौर त्यागिवेकौ नांहि और। આખો આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં આવી ગયો ત્યાં લેવાયોગ્ય તો બધું લેવાઈ ગયું. હવે બીજું કાંઈ લેવાયોગ્ય કે ત્યાગવાયોગ્ય બાકી રહ્યું નથી.

ભગવાન કહે છે કે અમારો મારગ ન્યાયથી સિદ્ધ કરો. મુનિરાજ કહે છે કે ભગવાને જે ન્યાય કહ્યાં છે તે યુક્તિથી અનુભવમાં આવે છે. શ્રુતજ્ઞાનમાં બધાં ન્યાય સિદ્ધ થાય છે.

જાણનારને જાણતાં, દૃષ્ટિમાંથી છૂટવાયોગ્ય બધું છૂટી ગયું અને લેવાયોગ્ય બધું લેવાઈ ગયું. હવે બીજું કાંઈ લેવાનું બાકી રહ્યું નથી. જે દૃષ્ટિ રાગની અને અંશની-પર્યાયની બુદ્ધિવાળી હતી તે છૂટી ગઈ. હવે, છોડવાયોગ્ય કાંઈ રહ્યું નથી. સ્વનું રાજ્ય–સ્વરાજ્ય મળી ગયું પછી શું જોઈએ!

बाकी कह उबरयो.....તું સિદ્ધ થવાને લાયક છો અને કહે કે અમારાથી આ બની ન શકે એમ કેમ કહે છે! તને એવું વચન શોભતું નથી. તું તો સિદ્ધપદનું સ્વરાજ્ય લેવાયોગ્ય છો. આ જન્મજરા ને મરણવાળા જીવન એ તે કાંઈ જીવન કહેવાય! તેમાં તો એકલી આકૂળતા છે. રાગ ને દ્વેષથી જીવવું અને રાગ અને દ્વેષથી મરવું એ કાંઈ જીવન છે! જીવત્વશક્તિથી જીવવું એ તારું જીવન છે.

લોકો કહે છે કે જીવો અને જીવવા દ્યો એ મહાવીરનો સંદેશ છે. અરે ભાઈ! મહાવીરનો સંદેશ એવો નથી. પરને જીવાડવાનું કામ જીવ ન કરી શકે અને પોતે પણ આયુષ્ય પ્રમાણે જ શરીરમાં રહે. કોઈ કોઈને જીવાડી કે મારી શકે નહિ. જે માણસ પાગલ થઈ ગયો હોય તેને વૈદ્ય દવા તરીકે જૂનામાં જૂનું સડેલું ઘી આપે. જેમાં ઈયળો પડી ગઈ હોય એવું ઘી ડાહ્યો માણસ ન ખાય. પાગલને જ આપે. તેમ દુનિયાના જીવોની માન્યતા પાગલ જેવી છે. દુનિયામાં સુધારા વધારા કરવા જોઈએ કેમ કે એક માણસ પાસે બહુ પરિગ્રહ છે અને બીજા પાસે કાંઈ નથી, તો પેલો માણસ પરિગ્રહ ઘટાડે તો જેની પાસે કાંઈ નથી એને મળે. એવી બધી પાગલની માન્યતા છે. બાહ્ય પરિગ્રહને કોણ વધારે કે ઘટાડે! ખરો પરિગ્રહ તો રાગ છે. રાગને પકડ્યો છે તેણે આખી દુનિયા એટલે કે આખા લોકાલોકને પકડ્યો છે એની તો તને ખબર નથી. વસ્તુની મર્યાદા અને સ્થિતિ જેમ હશે તેમ રહેશે. કોઈના ફેરવવાથી તે નહિ ફરે.

ખોટાને માનનારા ઘણા હોય અને સત્ય વસ્તુસ્થિતિને માનનારા થોડા હોય તેથી કાંઈ વસ્તુસ્થિતિ ફરી ન જાય. કીડીના નગરા ઘણા હોય તેથી કાંઈ એ મોટી થઈ ગઈ! તેમ અસત્યને માનનારા ઘણા હોય તેથી કાંઈ તે સત્ય થઈ જાય?

જેણે રાગને છોડ્યો અને સ્વભાવને ગ્રહણ કર્યો તેને હવે શું કરવાનું બાકી રહ્યું? ત્રણ લોકના નાથની ભક્તિનો વિકલ્પ પણ દ્રષ્ટિમાંથી છોડી દે તો સ્વભાવનું ગ્રહણ થશે. મોંઘું પડે તોપણ આ જ કરવાનું છે. અનાદિથી જે રાગ અને વિકલ્પ કરે છે તેમાંથી ગુંલાટ મારીને જ્ઞાતા થવું છે કે નહિ! આ તો જુદી જાતની દવા છે ભાઈ! ડૉક્ટર, વૈદ્યની દવા ખાય તેને તો નીરોગતા થાય કે ન પણ થાય પણ સ્વભાવની દ્રષ્ટિ કરે તેનો આત્મા નીરોગ થાય, થાય ને થાય જ એવી આ વાત છે.

लेवैकौ नाहि ठौर।...પૂર્ણાનંદના નાથને પકડ્યો ત્યાં તેનું બધું આવી ગયું, પર્યાયબુદ્ધિ અને રાગની રુચિ છૂટી ગઈ. હવે છોડવાયોગ્ય કાંઈ રહ્યું નથી. હવે કોઈ નવીન કામ બાકી રહ્યું નથી.

संग त्यागि अंग त्यागि।....સંગ એટલે પરિગ્રહ તે બધો છોડી દીધો, અંગ ત્યાગિ એટલે દ્રષ્ટિમાંથી શરીર, વાણી, મનમાંથી એકત્વ તૂટી ગયું. વચનના તરંગો પણ છોડી દીધા. મનના વિકલ્પો છોડી દીધા. અરે! બુદ્ધિનો પણ ત્યાગ કર્યો. ઈન્દ્રિયજ્ઞાન ત્યાગી દીધું. પાંચ ઈન્દ્રિયના નિમિત્તથી જે જાણપણું થાય તે મારો સ્વભાવ નહિ, તે હું નહિ. વસ્તુસ્થિતિ જ આવી છે. જેણે વસ્તુસ્વભાવને જાણી લીધો છે એવા સંતોએ આ પ્રરૂપણા કરી છે. ઈન્દ્રિયજ્ઞાન પણ અચેતન છે, અજ્ઞાન છે, તેનામાં ક્યાં જ્ઞાન હતું! જે ચેતનની જાતના હોય તેનો કદી નાશ ન થાય. ઈન્દ્રિયજ્ઞાન તો નાશ પામી જાય છે તેથી તે મારું ક્યાંથી હોય?

જે જીવની દ્રષ્ટિ શુદ્ધ થઈ તે હવે શુદ્ધ થઈ ગયો, તે સ્થિરતા અપેક્ષાએ પણ શુદ્ધ થઈને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે.

હવે કળશ ૪૪ અને ૪૫ ઉપર ૧૧૦ અને ૧૧૧ મા પદ્યમાં કહે છે કે—

## મુક્તિનું મૂળ કારણ દ્રવ્યલિંગ નથી

सुद्ध ग्यानकै देह नहि, मुद्रा भेष न कोई।
तातै कारन मोखकौ, दरबलिंग नहि होइ॥११०॥

दरबलिंग न्यारौ प्रगट, कला वचन विज्ञान।
अष्ट महारिद्धि अष्ट सिधि, एउ होहि न ग्यान॥१११॥

અર્થ :—આત્મા શુદ્ધ જ્ઞાનમય છે અને શુદ્ધજ્ઞાનને શરીર નથી અને ન આકાર-વેષ આદિ છે. તેથી દ્રવ્યલિંગ મોક્ષનું કારણ નથી. બાહ્યવેષ જુદાં છે, કળા-કૌશલ જુદા છે, વચન ચાતુરી જુદી છે, આઠ મહાઋદ્ધિઓ જુદી છે, સિદ્ધિઓ જુદી છે અને આ કોઈ જ્ઞાન નથી.

આ નગ્નપણું અને સાધુના ૨૮ મૂળગુણ છે તે મુક્તિનું કારણ નથી. બહારમાં નગ્નપણું હોય તો જ અંદરમાં મુનિપણું હોય માટે બાહ્યલિંગ છે તે અંતરશુદ્ધિને પ્રસિદ્ધિ કરે છે પણ અંદરમાં શુદ્ધિ હોય તો બાહ્યલિંગને તેનું નિમિત્ત કહેવાય. નૈમિત્તિકભાવ હોય તો તેને પ્રસિદ્ધ કરે ને! આ જીવે અંતરશુદ્ધિ વિના દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યાં છે. પાંચ મહાવ્રતના પરિણામ, ૨૮ મૂળગુણનો રાગ, નગ્નપણું આદિ અનંતવાર પાળ્યા છે પણ અંતરશુદ્ધિ વિના તેને મુક્તિનું નિમિત્તકારણ પણ કહેવાતું નથી.

દ્રવ્યલિંગ મોક્ષનું કારણ કેમ નથી? કે શુદ્ધજ્ઞાનને–ચૈતન્યમૂર્તિ ભગવાનને દેહ જ નથી, તો દેહનું લિંગ તેને મુક્તિનું કારણ ક્યાંથી થાય? દેહ તો પોતાને જાણતો પણ નથી, દેહને જાણનાર તો ચૈત્યતત્ત્વ છે માટે દેહને ચૈતન્ય જાહેર કરે છે કે આ દેહ છે તે જડ છે તે મને મુક્તિનું કારણ નથી. તો કેટલાક એમ કહે છે કે દેહ મુક્તિનું કારણ નથી તો બાહ્યમાં દેહનું ગમે તે લિંગ હોય તોપણ મુક્તિ થઈ શકે! એમ પણ ન હોય ભાઈ! અંતરશુદ્ધિ અને બાહ્યલિંગને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે.

અરે! સમ્યગ્દર્શનનો માર્ગ કોઈ અપૂર્વ છે, સાધારણ નથી અને ચારિત્રમાં તો તેનાથી અનંતગુણો પુરુષાર્થ છે અને કેવળજ્ઞાનમાં તો અનંતગણો પુરુષાર્થ હોય છે એવી જ્ઞાનની મહિમા છે તેથી કહ્યું કે

ऐसी महिमा ग्यानकी, निश्चय है घटमांहि।
मूरख मिथ्यादृष्टिसौं सहज विलोकै नांहि॥

પોતાના સહજ જ્ઞાનાનંદ સ્વભાવ તરફ મિથ્યાદ્રષ્ટિની નજર જ ગઈ નથી.

(ક્રમશઃ)

# જે કાંઈ દેખાય છે તે બધું જ કાળનું ઈંધન છે.

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૬૦)

શ્રી પરમાત્મપ્રકાશ બીજા અધિકારની ૧૨૮ ગાથામાં યોગીન્દુદેવ કહે છે કે તું મોક્ષમાર્ગમાં પ્રીતિ કર! અન્ય સર્વ પ્રીતિ છોડ!

મોક્ષમાર્ગ રાગાદિકથી રહિત હોવાથી નિર્મળ છે. પાઠમાં જ છે કે **सिवपहि णिमलि।** ભગવાન આત્માની મુક્તદશાને પંથ તદ્દન નિર્મળ છે. શુદ્ધ દર્શન-જ્ઞાનથી ભરેલો આત્મા આનંદ આદિ ગુણથી ભરેલું તત્ત્વ છે. તેની અંતરમુખ થઈને જે સમ્યક્ દર્શન-જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય છે તે જ પૂર્ણ શાંતિ અને નિર્મળતાનો ઉપાય છે. વચ્ચે રાગ આવે છે તે કાંઈ મુક્તિનો ઉપાય નથી, એ તો બંધનું કારણ છે.

મોક્ષમાર્ગ તો રાગાદિથી રહિત હોવાથી મહાનિર્મળ છે. **रागादिरहितत्वेन निर्मलः।** પણ વાત એમ છે કે આત્મા વસ્તુ પોતે સ્વભાવથી અનંત અનંત શાંતિ અને આનંદરસનો પિંડ છે તેનો એને અંતરથી વિશ્વાસ આવતો નથી. તેથી આ દેહની ક્રિયા અને દયા-દાન-વ્રતાદિના પરિણામથી ધીમે-ધીમે કલ્યાણ થશે એમ અજ્ઞાની અનાદિથી માની રહ્યો છે તેને અહીં સર્વજ્ઞ વીતરાગ પરમદેવ કહે છે કે ભાઈ! તને માંડ મનુષ્યપણું મળ્યું છે તેમાં તું તારા અકૃત્રિમ ધ્રુવસ્વભાવને ઓળખી લે! તું પોતે એક અવિનાશી પદાર્થ છો. બાકી, સંયોગમાં આવેલી બધી ચીજો તો નાશવાન છે એટલે કે સંયોગની અપેક્ષાએ તે બધી ચીજો કૃત્રિમ છે અને તેનો સંયોગ નાશ પામવાયોગ્ય જ છે.

ભગવાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો અકૃત્રિમ પદાર્થ છે તેને પુણ્ય-પાપથી માંડીને બધું કૃત્રિમ છે. પરમાણુનો નાશ થતો નથી એ જુદી વાત છે પણ જે જે પદાર્થનો સંયોગ થયો છે તે બધો સંયોગ નાશવાન છે કેમ કે એ બધું કૃત્રિમ છે. તેનાથી તને કોઈ લાભ નથી. તારો હિતનો માર્ગ–મોક્ષમાર્ગ તો તારી પાસે જ છે. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્ર તારા અંતરસ્વભાવના આશ્રયે જ પ્રગટ થાય છે, તે કાંઈ પરના આશ્રયે પ્રગટતા નથી. તે સ્વાશ્રિત મોક્ષમાર્ગની જ તું પ્રીતિ કર! તેને પ્રગટ કર!

આ તો પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે ને! શિવ એટલે પ્રગટ પરમાત્મા કે જેને એકલી શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્રદશા જ છે, વિકાર બિલકુલ નથી, આવી નિર્મળદશાનું કારણ એક આત્મા છે અને તે કારણનું કાર્ય 'મોક્ષ' છે. જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી અધૂરીદશામાં વચ્ચે રાગાદિ આવે છે તે મોક્ષનો માર્ગ નથી, બંધનું કારણ છે.

હવે આગળ ફરીને અનિત્ય અનુપ્રેક્ષાનું વ્યાખ્યાન કરે છે. આ ગાથામાં અનિત્ય સંયોગ અને વિષયાદિની વાત આવી એટલે હવે વિશેષ કહે છે.

जोइय सयलु वि कारिमउ णिक्कारिमउ ण कोइ।
जीविं जंतिं कुडि ण गय इहु पडिछंदा जोइ॥१२९॥

અર્થ :–હે યોગી! આત્માના શુદ્ધસ્વરૂપમાં જોડાણ કરનાર! (સંયોગ) બધું નાશવાન છે, અકૃત્રિમ કોઈ પણ વસ્તુ નથી.

અહીં યોગીને સંબોધન કરીને કહે છે કે અનાદિથી વિકારમાં જોડાણ કરનાર છે તે અયોગી છે. ૧૪મા ગુણસ્થાનવાળા અયોગીની વાત નથી. અયોગી એટલે રાગમાં ને દ્વેષમાં, ભોગ ને ઉપભોગમાં, પુણ્ય ને પાપમાં જોડાણ કરનારા બધા અયોગી છે કેમ કે તે બધા સ્વરૂપના યોગથી રહિત છે. સ્વરૂપની વીતરાગી પર્યાયના યોગને સાધનારા બધા યોગી છે. અન્યમતિના બાવાને યોગી કહે છે પણ તે યોગી નથી. તેને તો આત્માનું ભાન પણ નથી. જટા રાખવાથી યોગી થવાતું નથી. આત્માના ભાન વિના બધાં એકડાં વિનાના મીંડા છે. પણ, લોકોને તો બહારની ક્રિયા અને ચમત્કારની બહુ મહિમા આવી જાય છે. અરે! આના હાથમાંથી કંકૂ ઝરે છે...પણ કંકુ ઝરે કે હીરા ઝરે તેનાથી આત્માને શું લાભ થાય! તેના વિચાર વિના લોકો ચાલી નીકળે છે. એક બાઈને લાખો લોકો માનવા લાગ્યા હતા. તે બાઈ પછી ગાંડી થઈ ગઈ અને વિષ્ટા ચૂંથતી હતી... પણ ગાંડાના ગામ કાંઈ જુદા હોય છે? મૂર્ખાઈની કાંઈ હદ હોય કે નહિ! તું પોતે દેવ થયેલો ત્યારે તારી ઈચ્છામાત્રથી હજારો મકાન હીરાના ગઢ આદિ થઈ જતું હતું પણ તેથી શું? એવો દેવ તો અભવીજીવ પણ થાય છે.

ભગવાન આત્મા ખરો ચમત્કારિ રતન છે, તેમાં એકાગ્રતા થતાં અંતરથી શાંતિ ઝરે તે ચમત્કાર છે. તે વિના નવમી ગ્રૈવેયકનો દેવ અનંતવાર થયો તેનાથી આત્માને કાંઈ લાભ નથી. દેવને એવી વિક્રિયાૠદ્ધિ હોય કે દ્વારકા જેવા હજારો ગામ બનાવી દે પણ તેનાથી આત્માને શું લાભ થાય? અંતરમાં એકાગ્રતા થતાં આત્મામાં સમ્યક્

શ્રદ્ધા-જ્ઞાન સહિત શાંતિના સાગર ઉછળે છે તે ચમત્કાર છે. બાકી ચમત્કાર કેવા! અમૃતચંદ્ર આચાર્યદેવ તો કળશમાં આત્માને વારંવાર ચૈતન્ય ચમત્કાર કહે છે. અરે! તને તારા ચૈતન્યચમત્કારની મહિમા આવતી નથી અને બીજાના ચમત્કારની મહિમા આવે છે?

હે યોગી! તું તારી પરમાત્મમૂર્તિમાં ત્રાટક લગાવ! ત્રાટક એટલે એ કે તેની જ ઉપર નજર લગાવી દે! પૂર્ણાનંદ ભગવાનમાં ત્રાટક લગાવ! તેમાં એવો એકાકાર થઈ જા કે દૃષ્ટિ પાછી ફરે નહિ. આવી દૃષ્ટિને ચમત્કાર–સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. આહાહા.....! તારા સંયોગમાં અને તારા ભાવમાં જે દેખાય છે એ તો બધું ઉત્પન્ન-ધ્વંશી છે–નાશવાન છે. શરીર આદિ સંયોગ ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે અને દયા-દાન-વ્રતના ભાવ પણ ઉત્પન્ન થાય છે અને નાશ થાય છે. તે કોઈ વસ્તુ અકૃત્રિમ નથી. એક તારા ધ્રુવ ચૈતન્ય સિવાય કોઈ ચીજ તારા માટે અવિનશ્વર નથી, બધું નશ્વર છે. ટકતી ચીજમાં દૃષ્ટિ મૂક તો દૃષ્ટિ ઠરે. ન ટકે એવી ચીજમાં દૃષ્ટિ મૂક તો દૃષ્ટિ ઠરે ક્યાંથી? સ્થિર વસ્તુમાં મૂકેલી દૃષ્ટિ પણ સ્થિર થાય. રાગ અને સંયોગ નાશવાન હોવાથી તેમાં મૂકેલી દૃષ્ટિ પણ સ્થિર રહી શકતી નથી. ભાઈ! તારો વસ્તુસ્વભાવ ધ્રુવ-સ્થિરબિંબ છે, તેમાં તારી દૃષ્ટિ મૂકવાથી દૃષ્ટિ એકાકાર થશે તેથી સ્થિર રહેશે. રાગ અને સંયોગમાં દૃષ્ટિ મૂકી છે તે સ્થિર નહીં રહે.

આ તો મુદ્દાની રકમની વાત છે. દૃષ્ટિને સ્થિરમાં જોડ્યા વિના બધા થોથા છે. હે યોગી! તારા સિવાય બધી વસ્તુ વિનશ્વર છે, કોઈ અકૃત્રિમ નથી. અહીં દરેક પદાર્થ અકૃત્રિમ અનાદિ-અનંત છે તેની વાત નથી. અહીં તો પોતાના અકૃત્રિમ ત્રિકાળી ધ્રુવ પાસે બધી સંયોગી ચીજની પર્યાયો પલટે છે અને તારી પુણ્ય-પાપની પર્યાયો પણ પલટે છે માટે તે કોઈ અવિનશ્વર નથી, બધું વિનશ્વર છે માટે તેની દૃષ્ટિ છોડાવવાનો હેતુ છે અને અવિનશ્વર સ્વભાવ ઉપર દૃષ્ટિ કર! એમ યોગીન્દુદેવનું કહેવું છે.

પ્રવચનસારમાં પણ આવે છે કે તારા માટે તું જ એક ધ્રુવ છે, બાકી અધ્રુવ છે. બધા આચાર્યોએ સમયસારના બીજડાં ખીલવ્યાં છે. સમયસારમાં તો એક એક ગાથા, ટીકા ને એકે એક કળશમાં બહુ ભાવ ભર્યાં છે.

કહે છે કે અહીંથી જીવ બીજી ગતિમાં જશે ત્યાં શરીર પણ સાથે નહિ જાય તો બીજી તો કઈ ચીજ તારી સાથે આવવાની છે કે અવિનાશી રહેવાની છે! શરીરની

ઘણી સંભાળ લીધી. ખાધા-પીધાં-સાફ કર્યા પણ જે ક્ષણે જીવ છૂટ્યો ત્યાં શરીર તો પડ્યું રહેશે. ગમે તેટલી સંભાળ કર તોપણ તે કાંઈ સાથે નહિ આવે. સવારે ઊઠીને તેને નવરાવે, ચા-પાણી-દૂધ પીવડાવે, મુસંબીના પાણી પાય, દિલ્હીના દાડમ ખવરાવે તોપણ શરીર કાંઈ સાથે નહીં આવે એટલે કે શરીર અત્યારે પણ તારું નથી માટે તેની રુચિ છોડીને મહિમાવંત ભગવાનની રુચિ કર ને! તું પોતે જ મહિમાવંત ભગવંત છો, તેની પ્રીતિ કર!

ભાવાર્થ :—હે યોગી! ટંકોત્કીર્ણ અમૂર્તિક પુરુષાકાર આત્મા કેવળ જ્ઞાયક એક સ્વભાવ અકૃત્રિમ છે અને વીતરાગ પરમાનંદસ્વરૂપ છે. તેનાથી જુદા મન-વચન-કાયાના વ્યાપારથી લઈને બધા પદાર્થનું કાર્ય વિનશ્વર છે.

મૂળ તો અહીં અખંડ એક વસ્તુને અવિનશ્વર અને અકૃત્રિમ બતાવવી છે. જો તારે હિત કરવું હોય તો હિતના રસ્તાનું ધ્યેય આ એક જ છે. ભગવાન આત્મા રૂપ, રસ, ગંધ, સ્પર્શ વિનાનો–અમૂર્તિક છે, તેની આકૃતિ પુરુષાકાર છે. લોકો કહે છે તેવો લોકપ્રમાણ તેનો આકાર નથી. વળી તે કેવળ જ્ઞાયક એક સ્વભાવ છે. પરિપૂર્ણ જ્ઞાયક છે.

આત્મા અકૃત્રિમ નિત્યાનંદ એકસ્વભાવી છે. નિત્યાનંદનો અર્થ પરમાનંદ કર્યો છે. પરમાનંદ એક સ્વરૂપ ભગવાન આત્માથી મન-વચન-કાયા જુદા તત્ત્વ છે. જે જુદા છે તે સદાય જુદા જ હોય, પોતાના સ્વરૂપથી બહાર જ હોય. મન-વચન-કાયાનું પરિણમન તારાથી થતું નથી. મનનું પરિણમન જડનું છે. વાણી પણ જડ છે. આત્માના અસંખ્ય પ્રદેશમાં આત્માના ગુણો ભર્યા છે પણ કાંઈ વાણીના રજકણો ભર્યા નથી કે તેમાંથી વાણી નીકળે. આત્મામાં તો શાંતિ ને આનંદ ભર્યા છે. તેમાં એકાગ્ર થાય તેને શાંતિ ને આનંદ બહાર આવે–અનુભવમાં આવે. જે અંદરમાં હોય તે બહાર આવે....પણ નવરો થતો નથી. કામ ઘણા ને! માસિક બહાર પાડવું હોય એટલે પહેલાં વાંચવું પડે, લખવું પડે, ગોઠવવું પડે, ફરી વાંચવું પડે કેટલા કામ!

શ્રોતા :—પ્રચાર થાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતાનો પ્રચાર પોતાની પર્યાયમાં થાય, બહાર ન થાય. બહારમાં પ્રચાર કરવાના વિકલ્પથી પ્રચાર થતો નથી. પુસ્તક લખવાથી ધર્મની વૃદ્ધિ થતી નથી. બહારમાં વૃદ્ધિ થવી કાંઈ આત્માના વિકલ્પને આધીન નથી. વિકલ્પ પણ

નાશવાન છે. વીતરાગ મારગની વાત ન્યારી છે ભાઈ! જે વીતરાગ થઈ ગયા તે કેમ ધર્મપ્રચાર કરવા માટે ન રોકાણા? તેમને એક જ ભાવના હતી કે અમને અમારું સ્વરૂપ જેવું ભાસ્યું છે તેવું પૂર્ણ થાઓ! તે વિકલ્પમાં તીર્થંકરગોત્ર આદિના પરમાણુ એવા બંધાઈ ગયા કે કેવળજ્ઞાન થતાંની સાથે દિવ્યધ્વનિ ખરી તેમાં પૂર્ણદશાની પ્રાપ્તિનો ઉપાય આવી ગયો. ભગવાનની વાણી છૂટી એ પણ કહેવામાત્ર છે. વાણી તો વાણીની છે. ભગવાનમાં વાણી ક્યાં હતી! વાણીના કાળે ભગવાનનું નિમિત્ત હતુ માટે સંયોગથી એમ વાત થાય પણ વાણીના કર્તા ભગવાન નથી.

છટ્ઠી સાલમાં પાલિતાણા જાત્રા કરવા ગયા હતા ત્યાં બહુચર્ચા ચાલી હતી. સામેવાળા કહે કે ભગવાન અમુક સમયે વાણીને ગ્રહે છે અને બીજા સમયે છોડે છે. અરે ભાઈ! ભગવાન વાણીને ગ્રહે કે છોડે કાંઈ કરે નહીં. ભગવાન તો જ્ઞાતા છે, તેમના જ્ઞાનમાં જણાય છે કે આ સમયે વાણીના પરમાણુ આવશે અને આ સમયે છૂટશે. બાકી, ભગવાન તેને ગ્રહે કે છોડે નહીં. એ લોકો તો વાદ-વિવાદે ચડી ગયા. અરે ભગવાન! અમે કાંઈ વાદ-વિવાદ કરવા આવ્યા નથી. જાત્રા કરવા આવ્યા હતા. જાત્રા થઈ ગઈ. અમે તો ત્યાંથી ભાગ્યા બાપા! આત્મામાં પરનું ગ્રહવું કે છોડવું ત્રણ કાળમાં કદી નથી. પણ વાણીનો સંયોગ દેખીને ભ્રમ થાય છે કે ભગવાને વાણી છોડી. જુઓને, ભગવાન મહાવીરને કેવળજ્ઞાન થયા પછી ૬૬ દિવસ સુધી વાણી ન છૂટી. પરમાણુની પર્યાયને પરિણમવાનો સ્વકાળ ઈ જાતનો થાય ત્યારે પરિણમે, ઈ વિના ન પરિણમે. ગણધર આવ્યા માટે વાણી નીકળી–એમ નથી. ભગવાનને ખબર હતી કે આ સમયે ગણધર આવશે અને તે સમયે વાણી નીકળશે–હું વાણી છોડીશ એમ ભગવાન જાણતા ન હતા. ભગવાનને ખબર હતી માટે ભગવાને વાણીને પ્રેરણા કરી–એમ નથી.

બાપુ! વીતરાગ મારગ અને અન્યમારગમાં બહુ ફેર છે ભાઈ! આ તો વીતરાગપ્રભુ....તદ્દન ઉદાસ...ત્રણ કાળથી ઉદાસ છે. આ તો કેવળદશા છે. કોઈ પ્રશ્ન પૂછે તે સાંભળે અને પછી તેને ઉત્તર આપે એમ નથી. ગણધર, ઈન્દ્ર, વાસુદેવ આદિ પુણ્યવંત પુરુષો જ પ્રશ્ન કરે છે અને જવાબ સ્વયં આવે છે. એવો જ મેળ હોય છે. સાધારણ માણસ પ્રશ્ન ન પૂછી શકે. ભગવાન તો વીતરાગ છે પણ વાણીને સામાના પુણ્ય પરમાણુ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે તેથી પુણ્યવંત પુરુષો જ પ્રશ્ન પૂછે છે.

અહીં કહે છે કે પ્રભુ! એ પુણ્ય પરમાણુ આદિ બધા નાશવાન છે તેના ઉપર પ્રેમ શા માટે કરો છો? હું આમ બોલ્યો, મેં આવી વાણી કાઢી એવું તું ક્યાંથી લાવ્યો? ભગવાન આત્મા બોલે છે? તેની અસ્તિમાં વાણીની અસ્તિ આવે છે? નથી આવતી. તો તું બોલ્યો એ ક્યાં રહ્યું?

પરમાણુ તો ત્રણે કાળ રહે છે પણ તેની પર્યાય બદલ્યા કરે છે તેથી તારા સંયોગમાં આવેલ પરમાણુની પર્યાય તો બદલાયા જ કરશે. કોઈ અવિનશ્વર નહિ રહે. અવિનશ્વર વસ્તુ તો તું પોતે છો તેમાં નજર મૂક તો અવિનાશીપદની પ્રાપ્તિ થાય. બાકી, આ સંસારમાં દેહાદિ કોઈ સામગ્રી અવિનાશી નથી. તારા સંયોગમાં આ દેહાદિ બધી સામગ્રી દેખાય છે પણ તે કોઈ તારી સાથે કાયમ નહિ રહે.

જેવો શુદ્ધ-બુદ્ધ પરમાત્મા અકૃત્રિમ છે તેવો દેહાદિમાંથી કોઈ પદાર્થ અકૃત્રિમ નથી, બધા ક્ષણભંગુર છે. કોઈ તારી જાતના નથી. આત્મા તો અનાદિ-અનંત ટકતું તત્ત્વ છે અને દેહાદિ તો સંયોગીપર્યાય છે. આવે ને જાય તે બધું તેના કારણે છે. વળી શરીર પરભવમાં સાથે પણ આવતું નથી. શુદ્ધાત્મતત્ત્વની ભાવનાથી રહિત જે મિથ્યાત્વ-વિષય-કષાય છે તેમાં આસક્ત થઈને જીવે જે કર્મ બાંધ્યા છે તેના ફળમાં જીવ પરભવમાં ગમન કરે છે પણ શરીર તેની સાથે જતું નથી.

શુદ્ધાત્મતત્ત્વમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની એકાગ્રતા તે શુદ્ધાત્મભાવના છે પણ તેનાથી જે રહિત છે એવા જીવો મિથ્યાત્વ-વિષય-કષાયમાં આસક્ત છે, તેનાથી તેને કર્મ બંધાય છે, તેનો ઉદય આવ્યે જીવને આ દેહ રૂડો રૂપાળો હોય તોપણ છોડીને પરભવમાં જવું પડે છે. આપણે અહીં અજમેરની ભજનમંડળી આવતી. તેમાં ગાવાવાળો જે શાંતિલાલજી હતો તે બહુ સરસ ભજન ગાતો, નાની ઉંમરનો હતો પણ ક્ષણમાં ઊડી ગયો. રાત્રે સૂતેલો...સવારે ઉઠાડ્યો પણ જાગ્યો જ નહિ. જબ્બર ગાયક હતો. એવું સરસ લલકારે...કંઠ જ એવો.... અજમેર ભજનમંડળી કહે અમારો તો નેતા ગયો. ૩૬-૩૭ વર્ષનો હશે. એના વિના મંડળી ઝાંખી થઈ ગઈ. મૂળચંદજી નાચે અને આ ગાય બે મુખ્ય હતા. પણ ક્યાં સુધી ટકે? જે નાશવાન છે તે ક્યાંથી ટકે! આપણા દરેક પંચકલ્યાણકમાં આ ભજનમંડળી આવતી. આમ શરીરનો સંયોગ નાશવાન જાણીને તેની એકત્વબુદ્ધિ છોડવી જોઈએ અને પોતાના કાયમી ટકતાં સ્વભાવમાં એકત્વ કરવું જોઈએ.

નિજસ્વરૂપમાં એકાગ્રતા કર અને રાગાદિમાં એકાગ્રતા છોડ! બધા વિભાવથી રહિત નિજ શુદ્ધાત્મપદાર્થની ભાવના–એકાગ્રતા કર! દિશા બદલ! દિશા બદલ!! નાશવાન દેહાદિમાં એકતા અને એકાગ્રતા કરવાથી નાશવાન સંયોગ ઊભા થાય છે અને અવિનાશી ભગવાન આત્મામાં એકાગ્રતા કરવાથી અવિનાશી પર્યાય પ્રગટ થાય છે.

આ સામાન્ય અનિત્યભાવના કહી. હવે આગળ ૧૩૦ ગાથામાં મુનિરાજોને સંબોધન કરીને દેવળ આદિ બધી સામગ્રી અનિત્ય બતાવતાં થકા અધ્રુવ અનુપ્રેક્ષા કહે છે. અનિત્ય કહો કે અધ્રુવ કહો બંને એક જ છે.

देवलु देउ वि सत्थु गुरु तित्थु वि वेउ विकव्वु।
वच्छु जु दीसइ कुसुमियउ इंघणु होसइ सव्वु॥१३०॥

અર્થ :—અરિહંતદેવની પ્રતિમાના સ્થાન–જિનાલય, શ્રીજિનેન્દ્રદેવ (પ્રતિમા), જૈનશાસ્ત્ર, દીક્ષા દેવાવાળા ગુરુ, સંસારસાગરમાં તરવામાં કારણ પરમતપસ્વીઓના સ્થાન, સમ્મેદશિખર આદિ, દ્વાદશાંગરૂપ સિદ્ધાંત ગદ્ય-પદ્ય આદિ જે વસ્તુ સારી કે ખરાબ જોવામાં આવે છે તે બધી કાળરૂપી અગ્નિનું ઈંધન થઈ જશે.

જુઓ! આચાર્યદેવ કેટલો વૈરાગ્ય કરે છે! કાંઈ શાશ્વત નહિ રહે. કાળની અગ્નિમાં બધા ઈંધન થઈ જશે. આહાહા! અરિહંતદેવની પ્રતિમાનું સ્થાન, જિનાલય નાશવાન! મોટા મોટા મંદિરો પણ ઊડી જાય છે. જેમ, મોટું વૃક્ષ ફૂલ્યું-ફાલ્યું હોય પણ અગ્નિ લાગે ત્યાં રાખ જાય છે, તેમ કાળરૂપી અગ્નિમાં આ જિનમંદિર આદિ બળીને રાખ થઈ જશે. આમાં શેના ઓરતા કરવા! ધાતુના પ્રતિમા ચોર ચોરી જાય ને તરત અગ્નિમાં ગાળી નાંખે, આકાર પણ ન રહે....આ તો ભાઈ! નાશવાન વસ્તુ છે તે ક્યાંથી ટકે! આ પુસ્તકો પણ નાશવાન છે. સંસારસાગર તરવામાં નિમિત્ત કહેવાય તેવા તીર્થો પણ કાયમ ટકતાં નથી. બહારની ચીજ તો જેના પુણ્ય હોય તેને મળે અને અંતરની ચીજ તો જેનામાં પવિત્રતા હોય તેને ફાવે. બે ચીજ જ નિરાળી છે. અંતરમાં જેટલી પવિત્રતા કરે એટલી શાંતિની પ્રાપ્તિ થાય. બહારમાં-સંયોગમાં જેના પુણ્ય હોય તે આગળ આવી જાય પણ તે પુણ્યવાળો કાંઈ સુખી નથી.

જ્યાં સમ્મેદશિખર, ગિરનાર આદિ મોટા તીર્થો કે જ્યાંથી તીર્થંકરો, મહાપુરુષો મોક્ષ પધાર્યાં, જ્યાં ઈન્દ્રો અને દેવો આવતાં. ગિરનારમાં બળદેવ, વાસુદેવ ભગવાનની

પાસે ચરણ-રજની જેમ બેસી જતા, એ જ આ ગિરનાર છે પણ કેટલો ફેરફાર! થવાકાળે ફેરફારો થયા કરે, નાશવાન ચીજ છે તેને કોણ પકડી શકે? બાર અંગ પણ નાશવાન છે, ગદ્ય-પદ્ય રચના બધી નાશવાન છે. જે વસ્તુ, કુટુંબ-કબીલા, મકાન, એકને બોલાવો ત્યાં અનેક માણસો હાજર થાય એવી રાજાશાહી સાહ્યબી હોય તોપણ શું તે સ્થિર રહેવાની હતી! બધી વસ્તુ કોલસાના ઈંધનની જેમ રાખ થવાની છે. રાજાને બધા સલામી ભરે તેનાથી એની શોભા છે! જે પોતાના સ્વરૂપમાં શોભે છે તે ખરો રાજા છે. સમયસાર ૧૭-૧૮ ગાથામાં જીવરાજા કહ્યો છે ને! ઓલો રાજા તો મરીને ક્યાંય ચાલ્યો જાય અને બાયડી ને બંગલા પડ્યા રહે. જે નાશવાન છે તેને કોણ રોકી શકે! પણ આણે તો મડદાં સાથે સગાઈ કરી છે!

યોગીન્દુદેવ મુનિરાજ કહે છે કે આ સારી દેખાતી વસ્તુઓ પણ કાળનું ઈંધન બની જવાની છે.

જામનગર ગયા ત્યારે ત્યાંના રાજાએ દર્શન દેવા માટે અમને બોલાવ્યા હતા. તેને આંખની કાંઈક તકલીફ હતી એટલે પોતે દર્શન કરવા ન આવી શક્યા એટલે સામેથી બોલાવ્યા. રાજા-રાણી બંને બેઠા હતા સામે આવીને તેણે દર્શન કર્યા. પછી તેને પા કલાક સંબોધન કર્યું. આ ધૂળના સામ્રાજ્ય છે તે તમારા નહિ. કરોડોના તાલુકા છે તે જીવના નથી. જીવની અંદરમાં અનંતગુણોનું સામ્રાજ્ય છે તે ખરું સામ્રાજ્ય છે. તેણે જ્ઞાનખાતામાં એક હજાર આપ્યા, બોલ્યા–હા સાહેબ! આ સામ્રાજ્ય અમારા નહિ....મોટા રાજા હતો પણ એટલું સાંભળ્યું કે આ રાજ નહિ....નહિ, રાજ તો અંદરમાં છે. બહારના રાજ્ય તો ઊડી જવાના છે. અંદરમાં તો અનંત અનંત શક્તિવાળો એક એવા અનંતગુણનું સામ્રાજ્ય આત્માના અસ્તિત્વમાં છે. ભાઈ! એની દૃષ્ટિ કરો, વિશ્વાસ કરો, રુચિ કરો તો એ રાજ્ય મળશે, એ વિના નહિ મળે. (મોક્ષશાસ્ત્રમાં ઈ હજાર રૂપિયામાં રાજાનું નામ લખ્યું છે ને!)

સૂંકા ઈંધણને સળગતાં શું વાર લાગે! ભડ ભડ બળીને રાખ થઈ જશે, તેમ આ બધો સંયોગ સૂકા ઈંધણની જેમ બળી જશે, માટે અવિનાશી ભગવાનની રુચિ કર! નાશવાનની રુચિ છોડ!

અમૃતચંદ્રાચાર્યે તત્ત્વાર્થસારમાં અનિત્ય ભાવનામાં એમ લીધું છે કે બાળક જન્મે અને માતા તેને ગોદમાં લે એ પહેલાં અનિત્યે એને ગોદમાં લઈ લીધું છે, માતા તો

પછી ગોદમાં લેશે. અમૃતચંદ્રાચાર્યે અનિત્યભાવનામાં મૂળપાઠમાં આવો દાખલો આપ્યો છે. બાપુ! નિત્ય તો તારી ચીજ છે, તું અનાદિ અનંત છો અને આ સંયોગ તો બધા વિનાશિક છે. બધી વસ્તુ કાળરૂપી અગ્નિના ઈંધન થઈ જશે. ભાષા તો જુઓ! આમાં કોનું માન! ને કોનું અપમાન! કોણ તને માન આપે ને કોણ તને અપમાન આપે! બધું થોથેથોથા છે. વિકારને પોતાના માનીને તું જ તારું અપમાન કરે છો. હવે સ્વભાવને પોતાનો માનીને તું તને માન આપ! બીજું તો કોઈ માન આપી શકે તેમ નથી. અજ્ઞાનથી તે તારી દશા એવી કરી હતી કે તું મૂળાની અંદરમાં બેઠો મફતના વેચાયો હતો. માન ક્યાં રહ્યું? અહીં જરા કોઈક કાંઈ કહે ત્યાં અપમાન લાગી જાય છે. અરે! રહેવા દેને ભાઈ! નાશવાન ચીજની રુચિ છોડી દે અને અવિનાશી ભગવાનની રુચિ કર!

(ક્રમશઃ)

❀

---

(જીવના નિશ્ચય–વ્યવહાર....અનુસંધાન પેજ નંબર ૨૧થી ચાલુ)

પરિણમ્યું છે તેથી તેને મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય અને તેની પરિણતિને મિશ્ર વ્યવહાર કહ્યો.

એ જ રીતે જેનો આત્મા કેવળજ્ઞાનાદિ પૂર્ણ શુદ્ધપર્યાયરૂપે પરિણમી ગયો તે આત્મા શુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય છે અને તેની શુદ્ધ પરિણતિ તે તેનો શુદ્ધ વ્યવહાર છે.

જુઓ, આ એક દ્રવ્યના નિશ્ચય–વ્યવહાર. દ્રવ્યને નિશ્ચય કહ્યો ને પરિણતિને વ્યવહાર કહ્યો તથા એ બંનેને સહકારી કહ્યા. વસ્તુને કોઈ પરનો સહકાર નથી, પોતામાં ને પોતામાં જ દ્રવ્ય–પર્યાયને એકબીજાનો સહકાર છે.

અશુદ્ધ ઉપાદાનરૂપ પરિણમેલા દ્રવ્યને સહકારી અશુદ્ધ પર્યાયરૂપ વ્યવહાર છે.

મિશ્ર ઉપાદાનરૂપ પરિણમેલા દ્રવ્યને સહકારી મિશ્ર પર્યાયરૂપ વ્યવહાર છે.

શુદ્ધ ઉપાદાનરૂપ પરિણમેલા દ્રવ્યને સહકારી શુદ્ધ પર્યાયરૂપ વ્યવહાર છે.

અહીં આ ત્રણે પ્રકાર સંસારી જીવના છે. જ્યાં સુધી સંસાર-અવસ્થા છે ત્યાં સુધી વ્યવહાર કહ્યો છે અને સિદ્ધને વ્યવહારાતીત કહ્યા છે. સિદ્ધભગવાનનેય પર્યાય તો છે પણ અહીં સંસાર–અવસ્થિત જીવનો જ વિચાર કરવાનો હોવાથી તેમને અનવસ્થિત કહ્યા છે.

(ક્રમશઃ)

❀

## સંસારી જીવના નિશ્ચય વ્યવહાર;

# જીવના નિશ્ચય-વ્યવહાર જીવમાં જ છે

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૪)

**"નિશ્ચય તો અભેદરૂપ દ્રવ્ય તથા વ્યવહાર દ્રવ્યના યથાવસ્થિત ભાવ છે. પરંતુ વિશેષ એટલું કે જ્યાં સુધી સંસાર-અવસ્થા છે ત્યાં સુધી વ્યવહાર કહેવાય; સિદ્ધને વ્યવહારાતીત કહેવાય. તેથી સંસાર અને વ્યવહાર એ બંને એકરૂપ કહ્યા અર્થાત્ સંસારી તે વ્યવહારી ને વ્યવહારી તે સંસારી."**

દ્રવ્ય–પર્યાયને અભેદ ગણીને તેને નિશ્ચય કહ્યો ને પર્યાયના ભેદને વ્યવહાર કહ્યો. 'નિશ્ચય તો અભેદરૂપ દ્રવ્ય' એમ કહ્યું તેમાં શુદ્ધ નયના વિષયરૂપ જે શુદ્ધ સ્વભાવ છે તેની અહીં વાત નથી, અહીં તો દ્રવ્ય જે પર્યાયરૂપે પરિણમ્યું તે પર્યાયના ભાવપ્રમાણે આખા દ્રવ્યને તેવું કહી દેવું તે નિશ્ચય છે એટલે શુદ્ધ પર્યાયવાળાને શુદ્ધ નિશ્ચય કહ્યો. અશુદ્ધ પર્યાયવાળા આત્માને અશુદ્ધ નિશ્ચય કહ્યો ને મિશ્ર પર્યાયવાળાને મિશ્ર નિશ્ચય કહ્યો. 'દ્રવ્ય જે કાળે જે ભાવમાં પ્રણમે તે કાળે તે તન્મય છે'—એમ શ્રી પ્રવચનસારમાં કહ્યું છે તે સિદ્ધાન્ત અહીં લાગુ પડે છે. અહો! કુંદકુંદાચાર્યદેવના શાસ્ત્રોમાં તો હજારો આગમના મૂળિયાં સમાયેલાં છે.

વિશેષમાં અહીં એમ કહ્યું છે કે જ્યાં સુધી સંસાર-અવસ્થા છે ત્યાંસુધી વ્યવહાર છે, સિદ્ધને વ્યવહાર નથી એટલે સંસાર તે વ્યવહાર ને વ્યવહાર તે સંસાર—એમ બંનેને એકરૂપ કહ્યા. એનો અર્થ એમ થયો કે જે વ્યવહારનું અવલંબન કરે છે તે સંસારનું જ અવલંબન કરે છે. અજ્ઞાની વ્યવહાર–વ્યવહાર કરે છે ને તેના અવલંબનથી ધર્મનો લાભ થવાનું માને છે પણ અહીં લગભગ ૪૦૦ વર્ષ પહેલાંના આગમના અભ્યાસી પંડિત કહે છે કે વ્યવહાર અને સંસાર બંને એકરૂપ છે, જે વ્યવહારી છે તે સંસારી છે, જે વ્યવહારનું અવલંબન કરે છે તે સંસારમાં રખડે છે અને જે શુદ્ધ સ્વભાવનું (-કર્મસંયોગ અને વિકાર વગરના આત્મસ્વભાવનું) અવલંબન કરે છે તે શુદ્ધતા પામીને સિદ્ધ થાય છે; તેને વ્યવહાર રહેતો નથી, તે વ્યવહારાતીત થઈ જાય છે. અજ્ઞાની વ્યવહાર–વ્યવહાર કરે છે પણ ભાઈ! તારો તો જે વ્યવહાર છે તે પણ અશુદ્ધ છે,

તો તે અશુદ્ધતામાંથી શુદ્ધતા તને ક્યાંથી મળશે? અને જેને શુદ્ધ વ્યવહાર છે તે તો વ્યવહારના અવલંબનમાં અટકતા નથી, તેની પરિણતિ તો શુદ્ધ સ્વભાવ તરફ ઝૂકેલી હોય છે; શુદ્ધ સ્વભાવ તરફ ઝૂકેલી પરિણતિને જ અહીં શુદ્ધ વ્યવહાર કહ્યો છે. એવો શુદ્ધ વ્યવહાર અજ્ઞાનીને હોતો નથી.

હવે તે ત્રણ અવસ્થાનું વિવરણ લખીએ છીએ અર્થાત્ અશુદ્ધ, મિશ્ર ને શુદ્ધ એવા જે ત્રણ પ્રકાર કહ્યા તેમાંથી કયો પ્રકાર કયા જીવને હોય છે તે હવે બતાવે છે.—

❀ ‘‘જ્યાંસુધી મિથ્યાત્વ અવસ્થા છે ત્યાં સુધી અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય અશુદ્ધ-વ્યવહારી છે.

❀ સમ્યક્દ્રષ્ટિ થતાંવેંત ચોથા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધી મિશ્ર નિશ્ચયાત્મકજીવદ્રવ્ય મિશ્ર વ્યવહારી છે.

❀ અને કેવળજ્ઞાની શુદ્ધ નિશ્ચયાત્મક શુદ્ધ વ્યવહારી છે.’’

અજ્ઞાની જીવ પોતાના આત્માનો શુદ્ધ સ્વભાવ ભૂલીને, રાગાદિ અશુદ્ધતારૂપે જ પોતાને માનતો થકો, અશુદ્ધતારૂપે જ પરિણમે છે તેથી તેના દ્રવ્યને ‘અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય’ કહ્યું. જોકે અશુદ્ધતા તો ક્ષણિકપર્યાય છે પણ તેના સહકારથી દ્રવ્યને અશુદ્ધ કહ્યું; અને તે જ જીવ માટે જ્યારે શુદ્ધ પરિણતિરૂપે પરિણમશે ત્યારે શુદ્ધ પરિણતિના સહકારથી તે જ દ્રવ્યને ‘શુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય’ કહેશે. અશુદ્ધ પર્યાય વખતે પણ શુદ્ધ દ્રવ્યસ્વભાવ તો વિદ્યમાન છે પણ અજ્ઞાનીને તેની ખબર નથી; જો તે સ્વભાવની ખબર પડે તો તેને એકલું અશુદ્ધ પરિણમન રહે નહિ, તે સાધક થઈ જાય.

સાધકના આત્માને ‘મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય’ કહ્યું છે. સમ્યગ્દ્રષ્ટિ સાધકને શુદ્ધ દ્રવ્યનું ભાન થયું છે, તેની પરિણતિ કેટલીક શુદ્ધતારૂપ પરિણમી છે તથા કેટલીક અશુદ્ધતારૂપે પણ પરિણમે છે, એ રીતે તેને શુદ્ધ–અશુદ્ધરૂપ મિશ્ર પરિણતિ છે; અને એવી મિશ્ર પરિણતિના સહકારથી તે દ્રવ્યને (ચોથાથી બારમા ગુણસ્થાન સુધી) ‘મિશ્ર નિશ્ચયાત્મક દ્રવ્ય’ કહીએ છીએ. તે પ્રકારની પરિણતિરૂપે દ્રવ્ય પોતે પરિણમ્યું છે તેથી તે પરિણતિના સહકારથી દ્રવ્યને પણ તેવું કહ્યું.

જેમની પરિણતિ શુદ્ધરૂપે પરિણમી ગઈ છે એવા કેવળજ્ઞાની ભગવંતોના આત્માને (તેરમા તથા ચૌદમા ગુણસ્થાને) ‘શુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય’ કહેલ છે. સ્વભાવથી તો વસ્તુ શુદ્ધ છે પણ અવસ્થામાં શુદ્ધતારૂપે પરિણમે ત્યારે તેને શુદ્ધ કહેવાય ને? ‘‘અન્યદ્રવ્યથી

ભિન્નપણે ઉપાસવામાં આવતો 'શુદ્ધ' કહેવાય છે'' એમ સમયસારમાં છઠ્ઠી ગાથામાં કહ્યું છે. અજ્ઞાની શુદ્ધ સ્વભાવને ઉપાસતો નથી, વસ્તુને અશુદ્ધભાવરૂપે જ અનુભવે છે ને અશુદ્ધતારૂપે જ પરિણમે છે તેથી તેને અશુદ્ધ કહ્યો છે.

અશુદ્ધ, મિશ્ર કે શુદ્ધ, તે તે પ્રકારની પરિણતિરૂપે દ્રવ્ય પોતે પરિણમે છે, તેથી તે પરિણતિ તે તેનો વ્યવહાર છે ને તે-રૂપે પરિણમેલું દ્રવ્ય તે નિશ્ચય છે. આવા નિશ્ચય-વ્યવહાર દરેક જીવને સહકારીપણે વર્તે છે.

જીવના નિશ્ચય ને વ્યવહાર બંને જીવમાં જ સમાય છે. પુદ્ગલની પરિણતિ તે પુદ્ગલનો વ્યવહાર છે, જીવની પરિણતિ તે જીવનો વ્યવહાર છે. જીવના ભાવો જીવમાં, પુદ્ગલના ભાવો પુદ્ગલમાં; બંનેના ભાવો સ્વતંત્ર છે; તેમને માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી વિશેષ કાંઈ સંબંધ નથી.

દ્રવ્ય તે નિશ્ચય ને પર્યાય તે વ્યવહાર; એટલે દ્રવ્ય તે નિશ્ચયકારણ ને પર્યાય તે વ્યવહારકારણ; જેમ કે—મોક્ષમાર્ગની પર્યાયરૂપે પરિણમેલું શુદ્ધ આત્મદ્રવ્ય તે નિશ્ચયથી મોક્ષનું કારણ છે એટલે તેને 'કારણસમયસાર' કહ્યો; ને પર્યાયનો ભેદ પાડીને કહેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધ રત્નત્રયને મોક્ષમાર્ગ કહ્યો. આ રીતે અભેદદ્રવ્યનું કથન તે નિશ્ચય ને પર્યાયના ભેદનું કથન તે વ્યવહાર; તેમાં અભેદદ્રવ્યને મોક્ષનું સાધન કહ્યું તે નિશ્ચય ને મોક્ષમાર્ગી શુદ્ધ પર્યાયને મોક્ષનું સાધન કહેવું તે વ્યવહાર. (આ વ્યવહારમાં પણ જે રત્નત્રય છે તે તો નિશ્ચયરૂપ—શુદ્ધ છે.) રાગરૂપ વ્યવહારરત્નત્રયને મોક્ષનું સાધન કહેવું તે તો ખાલી ઉપચાર છે અને તે ઉપચાર પણ જ્ઞાનીના જ વ્યવહારને લાગુ પડે છે, અજ્ઞાનીને ઉપચારથી પણ મોક્ષમાર્ગ નથી.

અશુદ્ધપરિણતિરૂપે પરિણમેલા અજ્ઞાની જીવને જે અશુદ્ધ પરિણતિ છે તે તેનો વ્યવહાર છે, તે અશુદ્ધ વ્યવહાર છે, અને તે અશુદ્ધ પરિણતિરૂપે પરિણમેલ દ્રવ્ય તે અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્ય છે. આ અશુદ્ધ નિશ્ચયાત્મક દ્રવ્યને સહકારી અશુદ્ધ વ્યવહાર છે. જુઓ, આમાં નિમિત્તના સહકારની વાત ન લીધી. દ્રવ્યને સહકાર કોનો? કે તે તે સમયે વર્તતી પોતાની પર્યાયનો. તે પર્યાય સદાય દ્રવ્યની સાથે વર્તે છે. તેમાં મિથ્યાત્વ-અવસ્થા વખતે અશુદ્ધ પરિણતિના સહકારથી આત્માને અશુદ્ધ કહ્યો પણ કર્મને લીધે આત્માને અશુદ્ધ કહ્યો—એમ વાત નથી લીધી.

સાધકજીવને શુદ્ધ-અશુદ્ધરૂપ મિશ્ર પરિણતિ છે; તેવી મિશ્ર પરિણતિરૂપે તે દ્રવ્ય પોતે

(જુઓ અનુસંધાન પેજ નંબર ૧૮ ઉપર)

# અગિયારમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૬-૧૨-૨૦૧૧ના રોજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા કહાન પુષ્પ પરિવાર આયોજિત દસમા બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનો મંગલ પ્રારંભ થયો. અગિયારમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરના સૌજન્યનો લાભ શ્રીમતી ચંચળબેન પ્રેમચંદભાઈ ભાયાણી પરિવાર હસ્તે શ્રીમતી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણીને મળ્યો હતો.

તા. ૨૭-૧૨-૨૦૧૧ના રોજ સવારે પરમાગમમંદિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચન પછી અગિયારમી બાલ સંસ્કાર શિબિરનું પરમાગમમંદિરમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાની અધ્યક્ષતામાં શિબિર સૌજન્યકર્તા પરિવાર દ્વારા દેશ-વિદેશના મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં મંગલદીપ પ્રગટાવી શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો.

બાળકો માટે સવારે દરરોજ સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, ચોસઠ ઋદ્ધિ મંડલ વિધાન-પૂજા, સાયંભક્તિ તથા આરતીનો કાર્યક્રમ રાખવામાં આવતો હતો. શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો છઢાળા પર ચાલતાં હતાં. તદુપરાંત શિબિરમાં પંચસ્તરીય શિક્ષણવર્ગો દિવસમાં ત્રણ કલાક લેવામાં આવતા હતા. આ વર્ગોમાં શ્રી સુભાષભાઈ શેઠ, શ્રી રમેશભાઈ મહેતા, શ્રી અતુલભાઈ કામદાર, ડો. કિરીટભાઈ ગોસળીયા( USA )એ અધ્યાપન કર્યું હતું. બહેનોમાં બ્ર. આશાબેન તથા બાળકોમાં બ્ર. કોકિલાબેને પણ અધ્યાપન કર્યું હતું.

આ શિબિરનો ૨૦૦ બાળકો તથા ૨૦૦ અન્ય મુમુક્ષુઓએ લાભ લીધો હતો. આ શિબિરનો લાભ લેવા માટે સૌરાષ્ટ્ર, મુંબઈના પાર્લા, મલાડ, ઘાટકોપર, દાદર, વસઈ, મુલુન્ડ તથા હૈદરાબાદ, શિવપુરી, ઇન્દૌર, ઉદયપુર, અમદાવાદ, રાજકોટ તથા વિદેશોથી પણ શિબિરાર્થીઓ આવ્યા હતા. બાળકો દ્વારા રાત્રે ક્વીઝ, ધાર્મિક અંતાક્ષરી, નાટિકા, ગીત વગેરે સાંસ્કૃતિક કાર્યક્રમો ત્રણ દિવસ રાખવામાં આવ્યા હતા. જે બધાને ઘણા જ પસંદ આવ્યા હતા. તા. ૩૧-૧૨-૨૦૧૧ શનિવારે યુધિષ્ઠિર, ભીમ, અર્જુન તથા કરોડો મુનિવરોની નિર્વાણભૂમિ શ્રી શત્રુંજય તીર્થક્ષેત્રની પાવન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓને આવવા-જવાની, યાત્રાની, આવાસની તથા ભોજન વગેરેની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. શિબિરમાં પધારેલા લંડન, નાઈરોબીના મહેમાનો તથા દેશવિદેશના જુદા જુદા પ્રાંતોમાંથી આવેલા મહેમાનો તથા બાળકોને શિબિરના દરેક કાર્યક્રમ ખૂબ જ ગમ્યા હતા.

વિશેષમાં આ શિબિર દરમિયાન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત ''જૈન પૌરાણિક લઘુકથાઓ'' ભાગ-૨ નામના સચિત્ર અને સુંદર—રંગીન હિંદી તથા ગુજરાતી પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. તદુપરાંત ટ્રસ્ટ દ્વારા આયોજિત SMS સ્પર્ધાના પુરસ્કાર વીતરણનો સુંદર કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો અને વચનામૃત વર્ષના પ્રથમ છ મહિનાના પેપરોના વિજેતાઓને પણ ઇનામ આપવામાં આવેલ.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૦ | : શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : શ્રી અષ્ટપ્રાભૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

રાજકોટ શહેર સ્થિત શ્રી આદિનાથ દિગંબર જિનમંદિરમાં

**શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ ચરણચિહ્ન આદિ સંસ્થાપન તથા અનાવરણનો મંગલ કાર્યક્રમ**

સૌરાષ્ટ્રની પ્રમુખ નગરી રાજકોટ શહેર મધ્યે શ્રી આદિનાથ દિગમ્બર જિનમંદિરમાં શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ ચરણચિહ્ન, શ્રી સમયસાર, ૐ તથા સ્વસ્તિક શિલાપટનું સ્થાપન અને શ્રી પદ્મપ્રભમલધારિદેવના ચિત્રપટના અનાવરણવિધિનો મંગલ કાર્યક્રમ તા. ૨૮-૧-૨૦૧૨ શનિવારથી તા. ૨૯-૧-૨૦૧૨ રવિવાર દ્વીદિવસીય આયોજન કરવામાં આવેલ છે તો મુમુક્ષુઓને આ મંગલ કાર્યક્રમનો લાભ લેવા રાજકોટ પધારવાનું અમારું સહૃદય નિમંત્રણ છે.

નિમંત્રક
શ્રી કુંદકુંદ કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ
રાજકોટ

## વૈરાગ્ય સમાચાર :–

મુંબઈનિવાસી સ્વ. સુધાબેન અમુલખ ભટ્ટ (વર્ષ-૭૫) તા. ૨૪-૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢમાં જ મોટા થયા હોવાથી તેમણે નાનપણમાં સોનગઢનો ઘણો જ લાભ લીધો હતો.

નાઈરોબીનિવાસી શ્રીમતી ડાહીબેન જેસંગ મેપા શાહ (વર્ષ-૮૬) તા. ૧૨-૧૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૫૦ વર્ષથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા. નાઈરોબીમાં નિયમિત પ્રવચનનો લાભ લેતા હતા.

વિંછીયાનિવાસી (હાલ-બોરીવલી) શ્રી પ્રવીણચંદ્ર વાલજીભાઈ ડગલી (—તે સ્વ. શ્રી હિંમતભાઈ ડગલી તથા સ્વ. શ્રી અમરચંદભાઈ ડગલીના નાનાભાઈ) (વર્ષ-૮૧) તા. ૨૬-૧૨-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈ-દાદરનિવાસી શ્રી કેશવજીભાઈ વી. શાહ (—તે શ્રી શૈલેષભાઈના પિતાશ્રી) (વર્ષ—૮૦) તા. ૧-૧-૧૨ના રોજ જ્ઞાયક-શુદ્ધાત્માનું રટણ કરતાં કરતાં સ્વર્ગવાસ પામ્યા છે.

## મુરબ્બી શ્રી મુકુંદભાઈ મણિલાલ ખારાની ચિરવિદાય

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ (—શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનાલય, ઝવેરી બજાર)ના તેમજ પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલીના આદ્ય ટ્રસ્ટી, બેન શ્રી શાંતાબેનના નાનાભાઈ, મુમુક્ષુ સમાજના સુપ્રતિષ્ઠિત મુરબ્બી શ્રી મુકુંદભાઈ મણિલાલ ખારા, ૮૭ વર્ષની ઉંમરે પોતાના સમગ્ર કુટુંબજનોની ઉપસ્થિતિમાં, ણમોકાર મંત્ર/પંચપરમેષ્ઠીનું રટણ કરતાં કરતાં, અત્યંત શાંત પરિણામપૂર્વક તા. ૨૯-૧૨-૧૧ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

બેન શાંતાબેનના નાનાભાઈ હોવાને કારણે તેઓને સંપ્રદાય વખતથી જ પૂજ્ય ગુરુદેવશ્રીનું સાન્નિધ્ય પ્રાપ્ત થવાથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વ-ઉપદેશ પ્રતિ અત્યંત મહિમા હોવાથી, પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં મુંબઈમાં ઝવેરી બજારમાં શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિરની અત્યંત ભક્તિ-અર્પણતાપૂર્વક સ્થાપના કરવામાં તેઓનું બહુમૂલ્ય યોગદાન રહ્યું હતું. ત્યારબાદ દાદર, ઘાટકોપર, મલાડમાં જિનમંદિરની સ્થાપનામાં પણ તેઓનું પ્રશંસનીય યોગદાન રહ્યું હતું.

મુંબઈ નજદીક દેવલાલી મધ્યે વિશાળ જગ્યામાં સુંદર જિનાયતનોના અલ્પ-અવધિમાં નવનિર્માણ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં તેમનું ત્રિયોગથી સમર્પિત યોગદાન રહ્યું હતું. દેવ-ગુરુ-ધર્મની પ્રભાવના માટે સદૈવ તત્પર, કર્મઠ, દઢ સંકલ્પી, સ્પષ્ટ વક્તા, મુરબ્બી શ્રી મુકુંદભાઈ ખારાની ચિરવિદાયથી મુમુક્ષુ સમાજમાં અપૂર્ણીય ક્ષતિ ઉદ્‌ભવતા મુમુક્ષુ સમાજ અત્યંત શોકની લાગણી અનુભવે છે.

તેઓના ચિરસ્મરણીય ધર્મ-પ્રભાવનાના સત્‌કાર્યોના સ્મરણપૂર્વક મુમુક્ષુ સમાજ તેમના પરિવાર પ્રતિ વૈરાગ્યભરી વાત્સલ્યભીની સંવેદના વ્યક્ત કરે છે.

સ્વર્ગસ્થ આત્મા ગુરુપ્રતાપે ઉપલબ્ધ તત્ત્વજ્ઞાનની અભિવૃદ્ધિપૂર્વક શાશ્વત સુખને શીઘ્ર પામવામાં ઉજાગર રહે એ જ ભાવના...

---

✻ નવ નિધિ, ચૌદ રત્ન, ઘોડા, મત્ત ઉત્તમ હાથીઓ, ચતુરંગિણી સેના આદિ સામગ્રીઓ પણ ચક્રવર્તીને શરણરૂપ નથી. તેનો અપાર વૈભવ તેને મૃત્યુથી બચાવી શકતો નથી.

જન્મ, જરા, મરણ, રોગ અને ભયથી પોતાનો આત્મા જ પોતાની રક્ષા કરે છે. કર્મનો બંધ, ઉદય અને સત્તાથી ભિન્ન પોતાનો આત્મા જ આ સંસારમાં શરણરૂપ છે. કર્મોનો ક્ષય કરીને જન્મ-જરા-મરણાદિના દુઃખોથી પોતાનો આત્મા જ પોતાને બચાવે છે.

*(શ્રી કુંદકુંદાચાર્ય, બાર ભાવના)*

✻ એક જીવ દૂસરે કિસી જીવકે વિષયમેં શોક કરતા હુઆ કહતા હૈ કિ અરેરે! મેરે નાથકા મરણ હુઆ. પરંતુ વહ અપને લિએ શોક નહીં કરતા કિ મૈં સંસાર-સમુદ્રમેં ડૂબા હુઆ હૂં. સંસારમેં જીવ જિસ પ્રકાર દૂસરોંકે વિષયમેં વિચાર કરતા હૈ ઉસીપ્રકાર યદિ જીવ અપને લિએ ભી કરે તો શીઘ્ર હી અપના હિત હો જાએ. પરંતુ જીવ અપને વિષયમેં સમ્ભવતઃ વિચાર નહીં કરતા. *(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર)*

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ આત્મા ગમે તેવા સંયોગમાં પણ પોતાની શાંતિ પ્રગટ કરી શકે છે. પોતાની શાંતિને પ્રગટ કરવામાં જગતનો કોઈ બાહ્ય પદાર્થ વિઘ્ન કરવા સમર્થ નથી. ગમે તેવા આકરાં પ્રસંગો આવી પડે, દીકરો મરી જાય, દીકરી રાંડે, જંગલમાં એકલો પડી ગયો હોય ને કોલેરા આદિનો આકરો રોગ થઈ ગયો હોય, ક્ષુધા–તૃષાની આકરી વેદના હોય કે સિંહ વાઘ ફાડી ખાવા આવ્યો હોય કે ગમે તેવા આકરાં પ્રસંગ આવી પડે તોપણ તે સંયોગનું લક્ષ છોડીને અંદરમાં આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકવા સમર્થ છે. બાહ્યમાં રહેલી પ્રતિકૂળતા અંદરમાં આત્મશાંતિને રોકી શકતી નથી. શાસ્ત્રમાં તો કહે છે કે નરકની એક ક્ષણની પીડા એવી છે કે તેને કોટી જીભથી કોટી વર્ષ સુધી કહેવામાં આવે તોપણ એ પીડા કહી શકાય નહિ એવી આકરી નરકની પીડા છે છતાં ત્યાં પણ એ સંયોગનું ને પીડાનું લક્ષ છોડી દે તો આત્મા પોતાની શાંતિને પ્રગટ કરી શકે છે. ભાઈ! તારું તત્ત્વ હાજરાહજૂર છે. તેમાં લક્ષ કરીને પોતાની શાંતિ પ્રગટ કરી શકાય છે. ૫૯૫.

❀ એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી, સ્પર્શ કરતું નથી.

દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ જ થાય.

પરદ્રવ્યની સામે જોતાં રાગ જ થાય.

પોતાના દ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડીને જોતાં કે ગુણ–ગુણીના ભેદ પાડીને જોતાં રાગ જ થાય, વીતરાગતા ન થાય.

પંચમ પરમપારિણામિકભાવનો આશ્રય કરવાથી જ ધર્મ—વીતરાગતા થાય—એ ઉપરના ચાર બોલનો સાર છે; આ જૈનદર્શનનો મૂળ સિદ્ધાંત છે.

આહાહા! આ વાત ભગવાનના ઘરની ને ભગવાન થવાની છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એ વાત બેસે નહિ ત્યાં સુધી કર્તાબુદ્ધિ છૂટે નહિ.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ ને સ્પર્શે નહિ, એ બીજા દ્રવ્યનું કરે શું? આ વાતો દાંડી પીટીને સિંહનાદથી કહેવાય છે. વીતરાગ સર્વજ્ઞના ઘરની આ વાત દિવ્યધ્વનિમાં આવેલી છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શતું નથી. આ મહા સિદ્ધાંત સમયસારની ગાથા ૩મા કહ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતાનો આ ઓછો પોકાર છે? કુંભાર માટીને અડતો કે સ્પર્શતો જ નથી તો ઘડાને કરે શું? માટી જ સ્વયં કર્તા થઈને ઘડાને કરે છે. આ તો ભગવાને કહેલી, અંતરમાંથી આવેલી વાત છે. ૫૯૬.

આત્મધર્મ
જાન્યુઆરી-૨૦૧૨
અંક-૫ ✱ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ❀ કરે તે આત્મા નહીં ❀

આત્મા જાણનસ્વરૂપનો પિંડ છે, જ્ઞાનસ્વરૂપનો પિંડ છે, એ જ્ઞાન શરીરને તો ન કરે, વાણીને તો ન કરે, પણ અંદરમાં હિંસા-અહિંસા આદિના જે વિકારી ભાવ થાય તેને પણ જ્ઞાન કરે કે વેદે નહીં. જ્ઞાનસ્વરૂપ ભગવાન દયા-દાન આદિના પરિણામને કરે નહીં, કેમ કે વિકાર છે તે દુઃખરૂપ છે ને ભગવાન આનંદસ્વરૂપ છે; આનંદસ્વરૂપી ભગવાન દુઃખને કેમ રચે? બાપુ! તારો સ્વભાવ જાણવા–દેખવાનો છે તેથી તે રાગ થાય તેને જાણે–દેખે પણ કરે નહીં, કરે તે આત્મા નહીં.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

✾

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org